## સંસ્થા સ્થાપન અને સમાજ પરિવર્તન

# ૧૯૦૭માં સુરતના વનિતા વિશ્રામનો પાયો નંખાયો હતો





આજે જો સુરત નગર આધુનિક શિક્ષણની દૃષ્ટિએ સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન ધરાવતું હોય તો તેનાં પાયામાં સુરતનો વિદ્યાકીય ઇતિહાસ છે. ખાસ કરીને મહીલાઓનાં શિક્ષણની દૃષ્ટિએ સુરત પંકાયું છે. આ લેખમાં વનિતા વિશ્રામની વાત કરવામાં આવી છે.

તેની સ્થાપના ૧૫ મે ૧૯૦૭ના રોજ થઇ હતી. આજે તો આ સંસ્થા ગજબની ફૂલીફાલી છે. અને તેને આશ્રયે ટ્રેનિંગ કોલેજ, આર્ટસ અને હોમ સાયન્સ કોલેજ, કોમર્સ કોલેજ, ઉપરાંત નર્સીંગ સંગીત અને બ્યુટી પાર્લરનું શિક્ષણ અને તાલીમ આપવામાં આવે છે. કોઇપણ દેશ અને સમાજની કિંમત તેનાં ધનદોલતથી નહીં પણ શ્રીમોની પરિસ્થિતિ અને 'કવોલીટી ઓફ લાઇફ' દ્વારા અંકાય છે. વનિતા વિશ્રામે એની સ્થાપનાથી શરૂ કરીને માત્ર સાધન સંપન્ન સ્ત્રીઓની જ નહીં પણ વિધવાઓ, ત્યકતાઓ અને નિરાધાર કન્યાઓ અને સ્ત્રીઓની આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને શૈક્ષિણક સ્થિતિ સુધારી છે. વનિતા વિશ્રામ સાચા અર્થમાં સુરતની કીર્તિનો સહુથી ઊંચો સ્તંભ છે. તેની શરૂઆત તો તદ્દન નાના પાયા પર થઇ હતી પણ એણે પ્રગટાવેલી નાની જયોતમાંથી અનંત ઝળહળતી જયોત ઉત્પન્ન થઇ હતી. તેથી તેની સ્થાપના અને તેનાં વિકાસના શરૂઆતના વર્ષોનું દર્શન આજના શિક્ષકો, કેળવણીકારો, સમાજ સુધારકો અને રાજકીય તથા મ્યુનિસિપલ નેતાઓને માટે ઉપયોગી છે. આ લેખમાં પહેલી જ વખત સંસ્થા સ્થાપનની થીયેરી અને પ્રેકિટસની ચર્ચા કરવામાં આવી છે. ખાલી હકીકતો આપી દેવી તો રહેલી છે. પણ હકીકતો વચ્ચે થીયેરીના સંદર્ભમાં સંકલન કરીને ઠોસ વાત કરવાની જરૂર છે.

> મહત્વનો મુદ્દો એ છે કે કશું જ માત્ર 'ઈશ્વર કૃપાથી' એકદમ અધ્ધર રીતે ટપકી પડતું નથી. મહાન, રચનાત્મક અને પરિવર્તનશીલ સંસ્થા ચોકકસ કાર્ય - કારણમાંથી ઊભી થાય છે

### સંસ્થા સ્થાપન અને પરિવર્તન

વનિતા વિશ્રામ આજે એક વિરાટ સંસ્થા છે અને અનેક કેળવણીકારો, વહીવટકર્તાઓ અને કાર્યકર્તાઓના સહકાર અને નેટવર્કીંગનું એ પરિણામ છે. જે કામ વ્યકિત એકલદોકલ રીતે કરી શકતી નથી તે કામ સંસ્થા કરી શકે છે. સંસ્થા એટલે સામૂહીક સંઘબળ તેને નેતાગીરી આપનાર કોણ છે? તેથી તેઓ કયા મૂલ્યો ધરાવે છે! એમનો ટૂંકા અને લાંબા ગાળાનો 'ગોલ' (લક્ષ્ય) શો છે? તેઓ ચીલાચાલુ રીતરસમો ધરાવતું વિસ્તૃતિકરણ (Expansion) કરવા માંગે છે. જે ઇનોવેશન્સ (નવચારી) દ્વારા કાંઇક નવું અને વધારે ઉપયોગી અને સર્જનાત્મક કામ કરવા માંગે છે? વિસ્તૃતિકરણની સાથે વિશાખન (diversification) પણ જરૂર છે. પરિવર્તનને પ્રગતિના પ્રવાહમાં આગળ ધકેલવામાં સંસ્થામાં કંઇક વધુ ને વધુ ઉમેરવાની ખાસ જરૂર છે. ભૂતકાળ અગત્યનો છે. પણ તે ખાલી ખાલી વાગોળવા માટે નહીં પણ તેમાંથી નવું નવું શીખવા માટે છે. વનિતા વિકાસની શરૂઆત તો દેખીતી રીતે જ નાના પાયા પર થઇ હતી. પણ બેત્રણ દાયકામાં તો તેણે જે ઝડપથી અને ઘગશથી સુગ્રથિત પ્રવૃતિઓની શ્રેણીઓ (Integrated friqnency of events) આદરી તે પગલું સાચે જ પ્રયોજરીય (entrepreneurial) હતું આ વાત નવેસરથી શીખ્યા વગર ના ચાલે! પ્રયોજક ખરેખર ભૂતકાળ માનવ અનુભવોની કિંમતી લેબોરેટરી છે. પ્રયોજક ખરેખર ચીલાચાલુ કામો નથી કરતો એ સ્વપ્ન રચે છે અને કાઇને કાંઇ નવું કરી બતાવીને સમાજને ઉન્નત દીશાએ દોરે છે. આ પ્રકારનું આન્ત્રેપ્રિવિનેયલ કામ બાજીગૌરી મુન્શી અને નાની બહેન ગજ્જર નામની બાળ વિધવાઓએ સુરતના પ્રખ્યાત વિજ્ઞાની પ્રો. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જરનાં સહકાર દ્વારા કેવી રીતે પાર પાડયું અને ૧૯૦૭માં સંસ્થા સ્થાપી તેની વાત અત્રે નકકર સ્વરૂપમાં કરવી છે. સાહિત્યિક ભાષા મને રેશમ જેવી સુંવાળી આધ્યાત્મિક શૈલીની માંગ ગમે તેટલી લોકપ્રિય હોય છતાં આ પ્રકારના ગંભીર લેખોને તે ગેરમાર્ગે દોરી જાય છે તેથી ટૂંકી મુદ્દાસર અને શાસ્ત્રીય સ્વરૂપમાં છણાવટ કરીશું વાચકનો સમય કિંમતી હોય છે. અને જાગૃત વાચક મુલ્યાંકન કરતો જ હોય છે.


શીવગૌરી કે. ગજ્જર બાજીગૌરી ડી. મુન્શી

**એ સુરત આ સુરત**
દક્ષિણ ગુજરાતનાં દરિયાઇ દિલ લોકોની રોચક દાસ્તાન
ડો. મકરન્દ મહેતા

### બાજીગૌરી મુન્શી (૧૮૬૬-૧૯૨૬) અને નાની બહેન ઉર્ફે શીવગૌરી ગજ્જર (૧૮૭૧-૧૯૪૫)

વનિતા વિશ્રામનાં આદ્ય સ્થાપકો બાજીગૌરી અને નાનીબહેન બાળ વિધવા હતા. તેઓ બાળ વિધવા હતા. એમ તો તે સમયે લાખોની સંખ્યામાં બાળ વિધવાઓ થતી અને સુરતનાં પ્રખ્યાત પારસી સમાજ સુધારક બી.એમ. મલબારીએ તો ૧૮૮૪ માં Intant Marriage and Entorced Vidowhood (બાળ લગ્ન અને ફરજિયાત વૈધવ્ય) નામનું પુસ્તક લખીને

અનુસંધાન પાના 7 પર

# કોરોના આફ્ટરશૉક્સ... પોઝીટીવ અને નેગેટીવ

**સ્માઇલ ઑન**
ડૉ. કિરીટ વૈદ્ય

જીવનમાં કોઇ પણ સારો માઠો પ્રસંગ કંઈક ને કંઈક શીખવાડી જાય છે, શીખવાની શરત એ છે કે સારા પ્રસંગ પછી જમીન સાથે જોડાયેલા રહો અને હવામાં ઉડવા ની માંડો અને ખરાબ પ્રસંગ પછી જો ધરાશાયી થયા તો ઉભા થઇ ને કપડા ખંખેરીને આગળ ચાલવા માંડવાની માનસિકતા રાખો,

2020ની શરૂઆતમાં કોરોના વાઈરસ, જગ અને જંગ જીતવા વર્લ્ડવાઈડ પ્રવાસે નેપોલિયનની જેમ નીકળી પડ્યું. કોરોના અચાનક આવેલા મહેમાનની જેમ ભારતમાં પણ આવ્યું અને જાણે ઇન્ડિયાનો 'વિકાસ' મોડ હેંગ થઇ ગયો. તેની ઘાતકતા ટાળવા સેનાપતિ વડા પ્રધાનની હાકલ મુજબે લોકો ઘરે ઘરે ફેઈસ માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ અને હેન્ડ સેનીટાઈઝેશન જેવા આત્મનિર્ભર સાધનોથી આખું ભારત લોકડાઉન (નજર કેદ) થઇને ઘરમાં રહ્યું. કોરોના યુગને ચાર મહિના થવા આવ્યા અને પ્રોપર અને ઈફેક્ટીવ દવા અને રસી શોધાય ત્યાં સુધી તે કદાચ ચૌદ મહિના સુધી પણ મહેમાન બની રહે તેવી શક્યતા છે. દરેકનો અનુભવ હશે કે ગમતા કે અણગમતા મહેમાનો કંઇક ને કંઇક શીખવતા જતા હોય છે. કોરાનાએ પણ ભણાવ્યું. કોને ખબર હતી કે તે અત્યાર સુધી જીવેલી બેફીકરાઇ જિંદગીને ખરાબ રસ્તા ઉપરથી યુ ટરન કરાવીને સીધા પાટે લાવશે.



બે મહિનાના લોડાઉન દરમ્યાન શું મળ્યું? દરેક વ્યક્તિના સોશિયલ સમય વપરાશમાં ઉછાળો આવ્યો. ઘરે ઘરે ટીવી ન્યૂઝ, સાહિત્યિક સેલીબ્રીટીઝના મેડીકલ નિષ્ણાત સાથેના સંવાદ સેશનો, એફએમ રેડીયોના જોકીઓની રોજ રોજની પોઝીટીવીટીની ઘોડા રેસો થવા માંડી. જે છેલ્લા કેટલાય વરસમાં નહોતું થઈ શક્યું તે થવા માંડ્યું. સંપૂર્ણ ફેમીલી ઘરમાં ચોવીસ કલાક એકબીજાની સાથે રહેવા માંડ્યું. કામમાં એકબીજાને મદદ કરવા મળ્યું. સામુહિક સંવાદો થવા માંડ્યા. ખાસ તો વડિલોને તેમના કાયમ કાર્યરત રહેતા દીકરા, દીકરી અને વહુ સાથે વાતો કરવાનો મોકો મળ્યો. નાના બાળકોને તેમના ડે ટાઇમ મિસિંગ પેરન્ટસનું વ્હાલ અને વાર્તાઓ મળી. દરેકની સંપૂર્ણ સર્જનાત્મકતા ખીલી. રસોડામાં પત્નીની માર્ગદર્શિકા હેઠળ પતિઓએ ખાવાનું શીખવાનો પ્રયત્ન કર્યો. જેમાં ઉત્સુકતા ઓછી અને સોશિયલ મીડિયામાં આવું કરતા ફોટા અને વિડીયો ઠઠાડી દેવાની મહેચ્છા વધારે હતી. મી ટાઈમને વીટાઈમમાં બદલાતો જોયો. બાલ્કનીમાં કે વરંડામાં થી બહારની શાંત દુનિયા જોઈ. પ્રકૃતિનાં અદ્ભૂત રંગો માણવા મળ્યા. ખાલી રસ્તાઓ ઉપર અભ્યારણમાં ચાલતા સાવજની ખુમારી સ્ટાઈલમાં ફરતા ગાય,ગધેડા અને કુતરા જેવા ઘરેલું પ્રાણીઓ દેખાયા. શહેરના ઘોઘાટથી વિચલિત થઈને (સાસરે) નાસી ગયેલા પંખીઓ પાછા બગીચાના ઝાડ પાન ઉપર (પિયરમાં આવ્યા હોય તેમ) કિલકિલાટ કરતા દેખાયા. હજુ છ મહિનાની વાર છે પણ આખું ઘર સાફ થઇ ગયું. એકચ્યુઅલ મીટીંગ ના બદલે વર્ચ્યુઅલ મીટીંગનું પ્રમાણ વોટ્સપ ઝૂમ વિડીયો પ્લેટફોર્મ ઉપર વધ્યું. કેટલી ઓછી વસ્તુઓથી પણ જીવી શકાય છે તેનું જ્ઞાન લાધ્યું. કામવાળા બહેન વગર પણ ઘર અને કપડા વાસણો ચોકમાં રહી શકે છે અને રસોઈવાળા મહારાજ વગર પણ આત્મનિર્ભરતાથી રસોડું અને રસોઈ ચાલુ રહી શકે છે.

> હજુ છ મહિનાની વાર છે પણ આખું ઘર સાફ થઇ ગયું. એકચ્યુઅલ મીટીંગ ના બદલે વર્ચ્યુઅલ મીટીંગનું પ્રમાણ વોટ્સપ ઝૂમ વિડીયો પ્લેટફોર્મ ઉપર વધ્યું. કેટલી ઓછી વસ્તુઓથી પણ જીવી શકાય છે તેનું જ્ઞાન લાધ્યું

બે મહિનાના લોકડાઉન પછી અને કદાચ ૧૨ મહિના સુધી ચાલુ રહેનાર કોરોના મહામારીના લીધે તમે શું ગુમાવશો? ગુજરાતીઓ ભીડના, ઉત્સવના અને પાર્ટીઓના માણસો છે. ટોળાશાહીની તુમાખી ગુમાવશે. લગ્નના સંગીત- ગરબા, જાનની જાહોજલાલી અને લગ્નના લાડ પ્રસંગો અને રીસેપ્શનની રોનક ગુમાવશે. અંતિમ દર્શનની ભીડ કે સ્મશાન યાત્રાના ખભા ગુમાવશે અને બેસણાના ગંભીર મૌન અને ભક્તિ સુરાવલી ગુમાવશે. દેશમાં અને પરદેશમાં મિત્રો, કુટુંબીજનો સાથેના પ્રવાસો ગુમાવશે. એફબી અને ઈન્સ્ટા ઉપરના પર જીવજલન ફોટાઓ અને અપડેટ્સ ગુમાવાશે. શોધી શોધીને જુના પ્રવાસોના ફોટાથી ચલાવવું પડશે. દર અઠવાડિયે મળતા મિત્રોની મહેફિલ ગુમાવાશે. ગલ્લાના ગાળમિત્રો સાથે કટિંગ ચા અને ગામગપાટા ગુમાવાશે. દર દસ પંદર દિવસે લેવાતા ફમિલી સાથેના લંચ કે ડીનર માટેના કોઈ કોઝી હોટલના હેન્ગઆઉટ ટેમ્પરરી આઉટ થઇ જશે. ફેશન માટેના વિન્ડો શોપિંગ અને ઓન લાઈન શોપીંગ ઓફ થઇ જશે. સ્વીગી ટોમેટો જેવી હોમ ડીલીવરી સર્વિસનું સ્થાન એમેઝોન અને બીગ બાસ્કેટ જેવી ગ્રોસરી હોમ સર્વિસમાં ફેરવાઈ જશે. 'હું અને મારો સમાજ' જેવી માનસિકતા 'હું અને મારું કુટુંબ' ની પ્રાથમિકતામાં ફેરવાઈ જશે. બાળકો વર્ગ ભણતરની સાથે સ્કુલની મસ્તી અને એકબીજાની પકડમ પકડી ગુમાવશે. ગૃહિણીઓ શાકવાળી સાથેની ભાવતાલની રકઝક અને મફત લીલો મસાલો તો ગુમાવશે જ પણ બચાવેલા પૈસાથી ભૈયાજી પાસે ટોળે મળી ખવાતી પાણીપુરીની સાથે મફતની કોરી ચાટ પૂરી પણ ગુમાવશે. કિટી પાર્ટીઓના ગોસીપ્સ કાબર સુર અને ડિઝાઈનર ડ્રેસિંગ સાથે મેચિંગ જ્યુલરીના દેખાડા મુરઝાઈ જશે. અનલોકમાં વરજી ગાંધીજીને ફોલો કરીને ઘરેથી ઓફીસ અને ઓફિસેથી સીધા ઘરે આવતા થઇ જશે. કોરોનાના આફટર શોકસ પોઝીટીવ પણ છે અને નેગેટીવ પણ છે. હવેની લાઈફ નદીના વહેણની જેમ પસાર કરતા રહેજો. પાણીની જેમ જે તે પાત્રમાં એડજસ્ટ થઇને રહેશો તો સુખી થશો.

# અનુભૂતિ ઈશ્વરનો આધારકાર્ડ



**જીવન સરિતાને તીરે**
દીનેશ પાંચાલ

ઈશ્વરનું અસ્તિત્વ દુનિયાનો પેચીદો પ્રશ્ન છે. તેના અસ્તિત્વ વિશે દરેકના વિચારો જુદાં જુદાં હોય છે. અમારા બચુભાઈ કહે છે: 'ઈશ્વર હવા જેવો છે. હવા કોઈને દેખાતી નથી પણ તેના વિના દુનિયા જીવી શકતી નથી.' એકવાર એક નાસ્તિક માણસે એક કથાકારને પૂછેલું: 'બાપુ, આસ્તિકો કહે છે: 'ઈશ્વર સર્વત્ર છે. તે મારામાં પણ છે. અને તમારામાં પણ છે. જો આ સાચું હોય તો કોઈ ગુંડો બળાત્કાર કરે ત્યારે તેની અંદરનો ઈશ્વર કેમ ચૂપ રહે છે? (નિર્ભયા ખૂનકેસમાં ચાર ગુંડાઓને ઈશ્વરે રોક્યા હોત તો નિર્ભયાએ જીવ ગુમાવવો ન પડ્યો હોત!) બાપુ, ઘરમાં લાઈટ છે કે નહીં તે સ્વીચ પાડો એટલે જાણી શકાય છે. પરંતુ માણસ પાસે એવી કોઈ સ્વીચ કેમ નથી જે પાડવાથી ઈશ્વરનો બલ્બ સળગી ઊઠે?'

દોસ્તો, નાસ્તિકો ઈશ્વર પાસે પણ આધાર કાર્ડ માંગે છે. એક વાત સમજી લેવા જેવી છે. સાબિતી એ સત્યનું હૃદય છે. પણ સાબિતીની એરણ પર ન ચઢી શક્યા હોય એવાં ઘણાં સત્યો છે. ગુણવંત શાહે તેમના પુસ્તક 'અસ્તિત્વનો ઉત્સવ ઈશાવાસ્યમ્'માં સાબિતી અંગે આખું પ્રકરણ લખ્યું છે. તેનું શિર્ષક છે: 'સાબિતીને પેલે પાર પ્રતીતિનો પ્રદેશ'. વાત સાચી છે. સમુદ્રને નાના ગ્લાસમાં સમાવી શકાતો નથી. વિજ્ઞાને આજપર્યંત જે શોધ્યું તેના કરતાં વણશોધાયેલા સત્યોનું લિસ્ટ લાંબુ છે. અંધારામાં આપણે ટોર્ચ વડે આપણાં બાગમાં કેટલાં ઝાડ છે તેની ગણતરી કરતા હોઈએ ત્યારે કોઈ ઝાડ પર ટોર્ચનો પ્રકાશ ન પડે તેથી તે ઝાડનું અસ્તિત્વ નથી એમ ન માની લેવાય.' દોસ્તો, આપણું મગજ મર્યાદિત માહિતી સંઘરી શકે એવી નાની પેનડ્રાઈવ છે. એમાં સમગ્ર બ્રહ્માંડના સત્યો સ્ટોર થયેલા હોતાં નથી.

ભૂપત વડોદરિયાએ કહેલું: 'ઈશ્વરની વાત સમજાવી શકાય એવી નથી. કોઈ સમજવાની ગમે તેટલી કોશિષ કરે, પણ એ માણસના તાળાની કળ દાદ આપે તો જ ચાવી ફાવી શકે.' તાત્પર્ય એટલું જ કે આંખ હોય પણ દૃષ્ટિ ન હોય તો જોઈ શકાય નહીં. આપણું મગજ રાઈના દાણા જેવું છે તેના પર આકાશનું ચિત્ર દોરવામાં જે સ્થળ સંકોચ નડે છે તેવી મર્યાદા વિજ્ઞાનના બાયોસ્કોપ વડે ઈશ્વરને નિરખવામાં પડે છે. એલન સેન્ડેઈઝ નામના ખગોળશાસ્ત્રીએ કહેલું: 'ઈશ્વર માણસને દૂરબીનને સામે છેડે દેખાઈ શકવાનો નથી!' દોસ્તો, પ્રત્યેક વિચારવંત બૌદ્ધિકને ઈશ્વર અને તેની વિશાળ રિયાસત (કુદરત) વિષે પ્રશ્ન થાય છે. તેઓ મનને છાને ખૂણે વિચારે છે કે મંદિરના દીવામાં પૂજારી ઘી પૂરે છે ત્યારે તે સળગે છે. પણ આકાશમાં રોજ સવારે આપમેળે પેટાઈ જતા આ (ઓટો બલ્બ અર્થાત્) સૂર્યમાં કોણ ઘી પૂરે છે? આપણા બાપદાદા વખતના કોઈ જૂના દૂધવાળાની જેમ નિયમિત આપણને તડકાની લાયણી પૂરી પાડતા સૂરજને તડકો કોણ સપ્લાય કરે છે? (ઈશ્વર પાસે કોઈ સુપર ચાર્જર, જનરેટર કે ઈન્વર્ટર હોતું હશે ખરું જેના વડે સવારે એ એની તડકાની ટાંકી ફૂલ કરીને નીકળે છે? જરા વિચારો, આ બ્રહ્માંડના લાઈટમેન તરીકે સૂરજની નિમણૂંક કોણે કરી? બચુભાઈ પૂછે છે: 'રાત્રિના નાઈટવૉચમેન તરીકે કોણે ચંદ્રને આકાશમાં એપોઈન્ટ કર્યો?' અમારા રમેશભાઈએ પૂછ્યું: 'માન્યું કે ઈશ્વર અનુભૂતિનો વિષય છે પણ તેની અનુભૂતિ કેવી રીતે થઈ શકે? ડાંગ જિલ્લાના કોઈ આદિવાસીએ આઈસ્ક્રીમ કદી ખાધું જ ના હોય તો તેને શબ્દોમાં સમજાવીએ તો તે ઠીક રીતે ન સમજી શકે. પણ તેને એકવાર આઈસ્ક્રીમ ખવડાવીએ તો પછી તે બંધ આંખો વડે પણ આઈસ્ક્રીમને પારખી શકશે. જરા આગળ વધી એવા તારણ પર આવી શકાય કે તમે આઈસ્ક્રીમ ખાઓ અને જીભ મીઠી મધુરી ઠંડક માણે છે. જીભને એ ઠંડક પારખવાની શક્તિ કોણે આપી? (તમે એ આઈસ્ક્રીમ હથેળી પર મૂકો કે ગાલ પર ઘસો તો તમને એના સ્વાદની મજા આવે ખરી?) અર્થ એ થયો કે જીભમાં કુદરતે સ્વાદગ્રંથીઓ હેતુપૂર્વક આપી છે કેમકે માણસ મો વાટે ખોરાક ખાય છે. એક સોળ વર્ષની કોલેજ કન્યાને તેનો બોયફ્રેન્ડ "આઈ લવ યુ" કહે અને તેના અગેઅંગમાં આનંદની લહેરખી ફરી વળે તો તે સ્નેહસ્પંદનોમાં કુદરતની કમાલ છૂપાયેલી છે. (એ બોયફ્રેન્ડના શબ્દોથી ગાય, કૂતરો કે બળદ કેમ ખુશ થઈ શકતાં નથી? તાત્પર્ય એટલું જ કે કુદરતની વ્યવસ્થામાં પણ એક ટીવીનું રિમોટ બીજા ટીવીમાં ચાલતું નથી) કોઈ ગુંડો છ વર્ષની છોકરી પર બળાત્કાર કરી તેને મારી નાખે છે ત્યારે આપણને ક્રોધ આવે છે, પણ તેને ફાંસીએ લટકાવવામાં આવે છે ત્યારે સરકાર પર ક્રોધ નથી આવતો, બલકે ન્યાય મળ્યાની સંતૃપ્તિ થાય છે, એ બન્ને ઘટનામાં કુદરતની કારીગીરી ભાગ ભજવે છે. ઈશ્વરને આવા તર્કના આવા ટેસ્ટર વડે સમજી શકાશે, બાકી મોરારિબાપુ પાસે પણ પરમેશ્વરનું પાકું પોસ્ટલ એડ્રેસ નથી.

> નાસ્તિકો ઈશ્વર પાસે પણ આધાર કાર્ડ માંગે છે પણ સાબિતી એ સત્યનું હૃદય છે. સાબિતીની એરણ પર ન ચઢી શક્યા હોય એવાં ઘણાં સત્યો છે

**ધૂપછાંવ**

ઈશ્વર અગરબત્તી જેવો હોત તો તેને જોઈ શકાત, પણ તે અગરબત્તીની મહેક જેવો હોવાથી અંતરના નાક વડે તેની માત્ર અનુભૂતિ થઈ શકે છે, જોઈ શકાતો નથી.

> જ્ઞાન એ દોરો પરોવેલી સોય જેવું છે. દોરો પરોવેલી સોય ખોવાતી નથી તેમ જ્ઞાન હોવાથી સંસારમાં ભૂલા પડાતું નથી.
>
> - શ્રીમદ્ રાજચંદ્ર